ભારત સરકારના નાણાં ખાતા દ્વારા તા.૧૮/૧૧/૨૦૨૧ ના રોજ નોટીફીકેશન થકી તા.૧/૧/૨૦૨૨ થી અમલી બને તે રીતે ગવર્મેન્ટ ઓથોરીટી તથા ગવર્મેન્ટ એન્ટીટીને જે વર્કસ કોન્ટ્રાકટ, ઈરેકશન કમિશન ઈન્સ્ટોલેશન, મેઈન્ટેનન્સ અને રીપરીંગ રીનોવેશનની સેવા વાણીજયક હેતુ સિવાયના નવા સિવીલ સ્ટ્રકચરના બાંધકામ, સ્ટાફ માટેના રહેણાંક બાંધકામ તેમજ Section 5 chapter heading 9954 ની એન્ટ્રી નંબર (iii),(vi), (ix) અને (x) માં કવર થતા કામની બધી સેવાઓ ઉપર ૧૨% ને બદલે ૧૮% GST લાગશે.

આમ, ઉપરોકત ફેરફાર માત્ર ગવર્મેન્ટ ઓથોરીટી તથા ગવર્મેન્ટ એન્ટીટીને અપાતી સેવાને અસર કરે છે. <u>ડાયરેકટ સ્ટેટ ગવર્મેન્ટ, સેન્ટ્રલ ગવર્મેન્ટ કે લોકલ ઓથોરીટીને આપવામાં આવતી સેવાનાં દરમાં ફેરફાર થયેલ નથી</u>.

હવે તો ગવર્મેન્ટ ઓથોરીટી કોને કહેવાય અને ગવર્મેન્ટ એન્ટીટી કોને કહેવાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

(૧) <u>ગવર્મેન્ટ ઓથોરીટી</u>:

ગવર્મેન્ટ ઓથોરીટી એટલે એવી સંસ્થા, બોર્ડ કે અન્ય સતા મંડળ કે જેની સ્થાપના સંસદ અથવા ધારાસભા દ્વારા કાયદો પસાર કરી કરવામાં આવી હોય અથવા સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા રાજય સરકાર દ્વારા જેની સ્થાપના કરવામાં આવી હોય અને જેની ૯૦% કે તેથી વધારે મુડી અથવા કન્ટ્રોલ રાજય સરકાર અથવા કેન્દ્ર સરકારની હોય અથવા બંધારણના આર્ટીકલ 243W અનુસાર મ્યુનિસીપાલીટીના કાર્યો અથવા 243G અનુસાર પંચાયતનાં કાર્યો કરવા જેની સ્થાપના થઈ હોય.

(૧) <u>ગવર્મેન્ટ અન્ટીટી</u>:

ગવર્મેન્ટ એન્ટીટી એટલે એવી સંસ્થા,જેની સ્થાપના સંસદ અથવા ધારાસભા દ્વારા કાયદો પસાર કરીને કરવામાં આવી હોય અથવા સેન્ટ્રલ ગવર્મેન્ટ અથવા રાજય સરકાર દ્વારા જેની સ્થાપના કરવામાં આવી હોય જેની ૯૦% થી વધારે મૂડી અથવા કન્ટ્રોલ કેન્દ્ર અથવા રાજય સરકારનો હોય અને કેન્દ્ર સરકાર, યુનિયન ટેરેટરી અથવા લોકલ ઓથોરીટીના કાર્ય કરવા માટે જેની સ્થાપના કરવામાં આવી હોય તે ગવર્મેન્ટ એન્ટીટી કહેવાય.

આમ, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, એરપોર્ટ ઓથોરીટી, નેશનલ હાઈવે ઓથોરીટી, વગેરે સંસ્થાઓ ગવર્મેન્ટ અન્ટીટી અથવા ગવર્મેન્ટ ઓથોરીટી છે. પરંતુ

સિંચાઈ વિભાગ, કલેકટરશ્રીની ઓફીસ, ઈન્કમટેક્ષ ઓફીસ, જી.એસ.ટી.વિભાગ, રાજય સરકાર અથવા કેન્દ્ર સરકાર છે. જયારે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલીકા, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પંચાયત લોકલ ઓથોરીટી છે.

– સબકોન્ટ્રાકટઃ

ઉકત ફેરફારને આનુસંગીક ગવર્મેન્ટ ઓથોરીટી, ગવર્મેન્ટ એન્ટીટીને સેવા આપતા મેઈન કોન્ટ્રાકટરના સબ કોન્ટ્રાકટ ઉપર પણ ૧/૧/૨૦૨૨ થી ૧૨% ને બદલે ૧૮% ટેક્ષ લાગશે.

– અર્થ વર્કવાળા વર્કસ કોન્ટ્રાકટરઃ

જે વર્કસ કોન્ટ્રાકટની વેલ્યુમાં ૭૫% રકમ અર્થવર્કની ગણાયેલી હોય તેવા વર્કસ કોન્ટ્રાકટ પણ જો ગવર્મેન્ટ એન્ટીટી અથવા ગવર્મેન્ટ ઓથોરીટી ને આપવામાં આવશે તો કરમુકત ને બદલે ૧૮% કરપાત્ર તા.૧/૧/૨૨ થી ગણાશે.

– માત્ર સર્વિસનાં કોન્ટ્રાકટઃ

પ્યોર સેવાના કોન્ટ્રાકટ જે પંચાયતના કાર્યો જે બંધારણના ખંડ 243G હેઠળ તેમજ મ્યુનિસીપાલીટીના કાર્યો 243W હેઠળ આવતા હોય અને આવા કાર્યો કરવા માટે ગવર્મેન્ટ ઓથોરીટી અથવા ગવર્મેન્ટ એન્ટીટીને માત્ર સેવાની સપ્લાય કરવામાં આવે તો તે હાલમાં કરમુકત છે. પરંતુ તા.૧/૧/૨૦૨૨ થી તે ૧૮% લેખે કરપાત્ર થશે.